શ્રી જિનાગમ અને જૈન સાહિત્ય

☐ લેખક : શ્રી કપૂરચંદ રણછોડદાસ વારૈયા, પાલિતાણા.

શ્રી જિનેશ્વર ભગવંતના શાસનમાં જ્ઞાનના પાંચ પ્રકાર કહેલ છે: ૧. મતિજ્ઞાન, ૨. શ્રુતજ્ઞાન, ૩. અવધિજ્ઞાન, ૪. મન:પર્યવ જ્ઞાન અને ૫. કેવલ જ્ઞાન.

તે પાંચ જ્ઞાનો પૈકી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન ઈંદ્રિયો અને મનની મદદથી થાય છે જ્યારે અવધિ, મન:પર્યવ અને કેવલજ્ઞાન આત્માથી પ્રત્યક્ષ થાય છે.

જૈનશાસ્ત્રોમાં આ પાંચ જ્ઞાનોનું સવિસ્તર વર્ણન આપવામાં આવેલ છે. વર્તમાનકાળે આ ક્ષેત્રમાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન મુખ્યપણે છે.

તેમાં શ્રુતજ્ઞાન મુખ્યપણે બે ભાગમાં વહેંચાયેલું છે: ૧. અંગ પ્રવિષ્ટ અને ૨. અંગ બાહ્ય.

૧. અંગપ્રવિષ્ટ શ્રુત :– શ્રી તીર્થંકર પરમાત્મા પરમતારક તીર્થની સ્થાપના કરે છે તે વખતે વિશિષ્ટ પ્રકારની બુદ્ધિના ધણી ગણધર ભગવંતો "કિં તત્તં?" (=તત્ત્વ શું?) એ પ્રમાણે પ્રભુને પૂછે છે. તેના ઉત્તરમાં તીર્થંકર પરમાત્મા "ઉપ્પન્નેઈવા, વિગમેઈવા, ધુવેઈ વા" (= દરેક પદાર્થ ઉત્પન્ન થાય છે. વિનાશ પામે છે અને સ્થિર રહે છે) એ ત્રિપદી આપે છે. એ ત્રિપદીના આધારે બીજ બુદ્ધિના ધણી ગણધર ભગવંતો તે જ સમયે દ્વાદશાંગીની રચના કરે છે તે અંગપ્રવિષ્ટ શ્રુત કહેવાય છે.

૨. અંગબાહ્ય શ્રુત :– તીર્થપ્રવર્તન બાદ યથાસમયે ગણધર ભગવંત કે અન્ય સ્થવિર મુનિઓ જે સૂત્રરચના કરે છે તે સર્વ અંગબાહ્યશ્રુત કહેવાય છે.

અંગસૂત્રોમાં આત્મસ્વરૂપની સન્મુખ થવા માટેની યોગ્ય પ્રવૃત્તિઓના પ્રકારોનો વિધિ હોય છે. ઉપાંગસૂત્રોમાં અંગસૂત્રોમાં કહેલ આચારની ભૂમિકાને જીવનમાં પરિપકવ બનાવી વિકાસ કરનાર મહાપુરુષોની ચર્યાનું વર્ણન હોય છે અને અન્ય સૂત્રોમાં બાકીની બીજી વાતોનું વર્ણન હોય છે.

આ રીતે શ્રી તીર્થંકર પરમાત્માની વાણી જે શાસ્ત્રોમાં વ્યવસ્થિત રીતે ગૂંથી લેવામાં આવી છે તે આગમ કહેવાય છે. પૂર્વે અનેક આગમો હતા, પરંતુ વર્તમાનકાળે ૪૫ આગમો છે.

૧. અગિયાર અંગસૂત્રો :– શ્રી તીર્થંકરપ્રભુ પાસેથી ત્રિપદી પ્રાપ્ત કરી ગણધર ભગવંતો વિશિષ્ટ શ્રુતજ્ઞાનના બળથી દ્વાદશાંગીની રચના કરે છે, તેમાંનું ૧૨મું દ્રષ્ટિવાદ અંગ હાલ વિચ્છેદ પામેલ હોવાથી વર્તમાનકાળે અગિયાર અંગો વિદ્યમાન છે. તે આ પ્રમાણે:– ૧. આચારાંગ, ૨. સૂત્રકૃતાંગ, ૩. સ્થાનાંગ, ૪. સમવાયાંગ, ૫. વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ (ભગવતી સૂત્ર), ૬. જ્ઞાતાધર્મકથાંગ, ૭. ઉપાસક દશાંગ, ૮. અંતકૃદશાંગ, ૯. અનુત્તરૌપપાતિકદશાંગ, ૧૦. પ્રશ્નવ્યાકરણ અને ૧૧. વિપાકશ્રુતાંગ.

તીર્થંકર પરમાત્માની એકાંત હિતકર વાણીને સંગ્રહ કરનાર આ અગ્યાર અંગોમાં અનુક્રમે ૧. આચાર, ૨. સંયમની નિર્મળતા, ૩, હેય-જ્ઞેય- ઉપાદેયનું સ્વરૂપ, ૪, અનેક પદાર્થોની વિવિધ માહિતી, ૫, ગણધર શ્રી ગૌતમસ્વામીએ પૂછેલા પ્રશ્નો અને પ્રભુએ આપેલ ઉત્તરો, ૬. અનેક ચરિત્રો અને દષ્ટાંતો, ૭. દશ મહાશ્રાવકોનાં વિસ્તૃત જીવનચરિત્રો, ૮, કેવળજ્ઞાન પામી તરત જ મોક્ષે જનાર મહામુનિઓનાં ચરિત્રો, ૯, સંયમની આરાધના કરી પાંચ અનુત્તરમાં જનાર મહામુનિઓનાં જીવનચરિત્રો, ૧૦, હિંસા વગેરે પાપના વિપાકો અને ૧૧. કર્મોનાં શુભાશુભ વિપાકો આદિનાં સવિસ્તર વર્ણનો છે.

૨. બાર ઉપાંગ સૂત્રો:– દ્વાદશાંગીમાં વર્ણવેલ અનેક વિષયોમાંથી અમુક અમુક વિષય ઉપર વિશેષ વિવેચન કરનારા શાસ્ત્રો તે ઉપાંગ ૧૨ છે. તે આ પ્રમાણે :– ૧. ઔપપાતિક, ૨ રાજપ્રશ્નીય, ૩. જીવાજીવાભિગમ, ૪. પ્રજ્ઞાપના, ૫. સૂર્યપ્રજ્ઞપ્તિ, ૬. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ, ૭. ચંદ્ર પ્રજ્ઞપ્તિ, ૮. નિરયાવલિકા, ૯. કલ્પાવતંસિકા, ૧૦. પુષ્પિકા, ૧૧. પુષ્પચૂલિકા અને ૧૨. વૃષ્ણિ દશા.

આ બાર ઉપાંગોમાં અનુક્રમે ૧. દેવોની જુદી જુદી યોનિઓમાં કયા કયા જીવો ઊપજે? તેની માહિતી, ૨. પ્રદેશી રાજા અને કેશી ગણધરનો સંવાદ તથા સૂર્યાભદેવે ભગવાનની આગળ કરેલ બત્રીશ નાટકોની માહિતી. ૩. જીવ-અજીવનું સ્વરૂપ, ૪. જીવ અને પુદ્ગલ સંબંધી ૩૬ પદોનું વર્ણન, ૫. સૂર્યસંબંધી વર્ણન, ૬. જંબૂદ્વીપ સંબંધી નાની - મોટી અનેક હકીકતો, ૭. ચંદ્ર સંબંધી વર્ણન, ૮. ચેડા મહારાજા અને કોણિક મહારાજાના યુદ્ધમાં શ્રેણિક મહારાજાના કાલ - મહાકાલ વગેરે દશ પુત્રો મરીને નરકમાં ગયા તેનું વર્ણન, ૯. કાલ - મહાકાલ વગેરે દશ ભાઈઓના પદ્મ-મહાપદ્મ વગેરે દશ પુત્રો સંયમની આરાધના કરી દશમા દેવલોકે ગયા તેનું વર્ણન ૧૦. વર્તમાન કાલે વિદ્યમાન સૂર્ય - ચંદ્ર -શુક્ર વગેરેના પૂર્વભવો તથા બહુ પુત્રિકા દેવીની કથા વગેરે, ૧૧. જુદી જુદી દશ દેવીઓના પૂર્વભવોનું વર્ણન અને ૧૨. કૃષ્ણવાસુદેવના મોટાભાઈ બળદેવના નિષધ વગેરે બાર પુત્રોના સંયમની આરાધનાને સમજાવનાર જીવનચરિત્રો આદિ વર્ણન આપવામાં આવેલ છે.

૩. છ છેદસૂત્રો:- સંયમ માર્ગે પ્રયાણ કરતાં મુનિજીવનમાં થઈ જનાર દોષોની વિશુદ્ધિ માટે પ્રાયશ્ચિત આદિની વ્યવસ્થા દર્શાવનાર સૂત્રો તે છેદસૂત્ર કહેવાય. તે હાલ છ છે. ૧. નિશીથ, ૨. બૃહત્કલ્પ, ૩. વ્યવહાર, ૪. દશાશ્રુતસ્કંધ (હાલ જે પર્યુષણા મહાપર્વમાં કલ્પસૂત્ર- બારસાસૂત્ર નિયમિત વંચાય છે તે આ સૂત્રનું આઠમું અધ્યયન છે), ૫. જીતકલ્પ અને ૬. મહાનિશીથ. આ સૂત્રોમાં મુખ્યત્વે સાધુજીવનના આચારો, તેમાં લાગતા દોષો, તે દોષોની શુદ્ધિ માટે પ્રાયશ્ચિત્ત, આદિના વિધાનો બતાવી સંયમજીવનની આરાધનાની નિર્મળતા, પરિણામશુદ્ધિ, આચારશુદ્ધિ અને પ્રાયશ્ચિતશુદ્ધિ આદિનું સુંદર વર્ણન છે.

૪. ચાર મૂલ સૂત્રો:- શાસનની ઉત્પત્તિ, સ્થિતિ અને રક્ષણના પ્રાણસમા ચારિત્રના પાયાને મજબૂત કરનારા, શ્રુતજ્ઞાનના સાચા અધિકારી બનવાની યોગ્યતાનું ઘડતર કરનાર સંયમી જીવનના મૂલગ્રંથો આ પ્રમાણે ચાર છે:- ૧. આવશ્યક સૂત્ર, ૨. દશવૈકાલિક સૂત્ર, ૩. ઓઘનિર્યુક્તિ- પિંડ નિર્યુક્તિ, અને ૪. ઉત્તરાધ્યયન સૂત્ર.

આ સૂત્રોમાં અનુક્રમે સામાયિક આદિ છ આવશ્યકનું સ્વરૂપ, ૨. સાધુ- સાધ્વીના મૂલભૂત આચારોનું વર્ણન, ૩. દીક્ષા ગ્રહણ કર્યા પછી કેવી રીતે બોલવું, ચાલવું, ગોચરી કરવી વગેરે સંયમજીવનને ઉપયોગી બાબતો અને ૪. પરમાત્મા શ્રી મહાવીરદેવની અંતિમ દેશના આદિનું સુંદર વર્ણન છે.

૫. દશ પ્રકીર્ણકો (પયન્ના):- ચિત્તના આરાધકભાવને જાગૃત કરનાર નાના - નાના ગ્રંથો તે પ્રકીર્ણક દશ છે. તે આ પ્રમાણે :- ૧. ચતુ:શરણ, ૨. આતુર પ્રત્યાખ્યાન, ૩. મહા પ્રત્યાખ્યાન, ૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વાદશાર નયચક્ર, એક ચિંતન

☐ લેખક : પૂ. પા. તીર્થપ્રભાવક આચાર્યદેવ શ્રી વિક્રમસૂરીશ્વરજી મ. સા.

સ્યાદ્વાદની વિશિષ્ટતા : જૈનદર્શન એટલે સર્વસાપેક્ષ દૃષ્ટિઓનું કેન્દ્રસ્થાન. જગતની આત્મવાદમાં માનનારી સઘળી વિચાર પદ્ધતિઓનો વાસ્તવિક સમન્વય એમાં થયેલો છે. તલસ્પર્શી અધ્યયન કરવાથી એનું અનંત ઊંડાણ સ્પષ્ટ બને છે. જગતમાં પ્રત્યેક દર્શનની તટસ્થ વિવેચના એમાં સ્પષ્ટ સમાયેલી છે. એક ન્યાયાધીશની જેમ જૈનદર્શન અત્યંત ચોક્કસાઈપૂર્વક તટસ્થપણે પ્રત્યેક દર્શનને ન્યાય આપે છે. એકાંત આગ્રહના કારણે અન્ય દરેક દર્શનમાં પ્રતિપક્ષી દર્શનોને ન્યાય આપવામાં આવ્યો નથી. જૈનદર્શન એકાન્તમાં ન અટવાતાં મધ્યસ્થપણે જે અપેક્ષાએ જેની વાત સાચી હોય તે અપેક્ષાએ તેની વાત સ્વીકારી પ્રત્યેક દર્શનને પૂરતો ન્યાય આપે છે. ઘી બધાં જ માટે આરોગ્યપ્રદ છે આ એકાન્ત.

એકાન્ત એટલે અસત્ય. અથવા અર્ધસત્યની સત્ય તરીકે ભ્રમણા તેમ જ પ્રરૂપણા. ઘી પચાવી શકનાર માટે આરોગ્યપ્રદ છે અને તેને ન પચાવી શકનાર માટે તે આરોગ્યપ્રદ નથી, એ જ અનેકાન્ત.

અનેકાન્ત એટલે જ્યાં જ્યાં જે સત્ય હોય ત્યાં ત્યાં તેનો સ્વીકાર અને સમર્થન. પચાવી શકનાર માટે ઘી આરોગ્યપ્રદ છે એ વાત જેટલી સાચી છે, તેટલી જ સાચી વાત પચાવી ન શકનાર માટે ઘી આરોગ્યપ્રદ નથી તે છે. આ બંને અપેક્ષાઓ યથાર્થપણે સમજી ન શકનાર ઘીનો યથાયોગ્ય ઉપયોગ નહીં કરી શકે. તેમ જ કરાવી પણ નહીં શકે અને સ્વપરને હાનિ કરી બેસશે. ઘીનું ઉદાહરણ સ્થૂલ ભૂમિકા પર છે. પણ તેનાથી સિદ્ધ થતી હકીકત સૂક્ષ્મ ભૂમિકા પર પણ એટલી જ સાચી છે. એક અપેક્ષા સ્વીકારી બીજી અપેક્ષા પ્રત્યે તિરસ્કાર સેવનારની ગણતરી આગ્રહીમાં થાય છે અને આગ્રહી સત્યશોધક બની શકતો નથી.

સત્યની શોધ અનેકાન્ત દ્વારા જ શક્ય બને છે.

અનેકાન્તવાદ જૈનદર્શનની વિશિષ્ટતા છે. જૈનદર્શન એકાન્તે કોઈ પણ દર્શનનું ખંડન કર્યા વગર જે જે અપેક્ષાએ જે જે દર્શનની વાત સત્ય હોય તે તે અપેક્ષાએ તે તે દર્શનની વાત સ્વીકારી સર્વને ન્યાય અને આવકાર આપે છે. આ એની અપ્રતિમ વિશાલ દૃષ્ટિ અને ઉદારતાનું પ્રતીક છે. એની આ ખૂબીને અન્ય કોઈપણ દર્શન સ્પર્શી પણ શક્યું નથી. જગતને વિનાશપંથે દોરી રહેલા વાદવિવાદો એકાન્તના આગ્રહમાં હોવાથી અન્ય વાદોને સમાવવા અસમર્થ છે. જ્યારે જૈનદર્શનની અનેકાન્ત દૃષ્ટિ તે સઘળાંને શાંતિપૂર્વક સમાવવા સમર્થ છે. અનેકાન્તવાદ અપનાવી આજે પણ જગત ન્યાય શાંતિ અને સુખનું મંગલ સામ્રાજ્ય સ્થાપી શકે છે. આ માટે જ જૈનદર્શનમાં નયોની ચર્ચા છે અને પ્રસ્તુત ગ્રંથથી નયચક્રનો વિષય જોતાં એ વાત સ્પષ્ટપણે સમજાઈ જાય છે.

અમારા મતે વિક્રમની પાંચમી શતાબ્દીમાં થયેલ મહાપુરુષ વાદીપ્રભાવક પૂ. આ. દેવ મલ્લવાદી સૂ. મ. જૈનદર્શનની નય વિચારણાના પ્રાચીન અને વિચક્ષણ તાર્કિક છે. તેઓ પોતે જ પોતાના આ ગ્રન્થમાં જૈનદર્શનની ચાલી આવતી નય વિચારણાઓ કેટલી સૂક્ષ્મ હતી તે બતાવે છે. તેઓ ખૂદ જ લખે છે કે આ ગ્રંથ પૂર્વ મહોદધિ સમુત્થિત નયપ્રાભૃત તરંગાગમ પ્રભૃષ્ટ શ્લિષ્ટાર્થ કણિકા માત્ર છે (ભા. ૧. પૃ. ૯ મુદ્રિત).

આથી નયપ્રાભૃત જેવા પૂર્વો અને "સપ્તનયશતાર" જેવા ગ્રંથો એ પ્રાચીનકાળમાં પણ જૈન નયવાદના અખૂટ ખજાનાઓ હતા. આ તે ખૂદ ગ્રંથકાર જ આ પોતાના ગ્રંથને પૂર્વરૂપ મહાસમુદ્રમાંથી ઉછળેલા નયપ્રાભૃતરૂપ તરંગથી છૂટી પડેલી એક જલકણિકા સમાન કહે છે. તો તેઓની પાસે નયોની પૂર્વપરંપરા કેવી ભવ્ય હશે ?

તેમનાં સ્તાવકો : આ શાસનપ્રભાવક જ્ઞાનક્રિયાયોગી મહાપુરુષના નામનો ઉલ્લેખ સર્વપ્રથમ હરિભદ્રસૂરિ મ. ની અનેકાન્ત જય-પતાકામાં તથા યોગબિંદુની સ્વોપજ્ઞ ટીકામાં દેખાય છે. શાંતિસૂરિ મહારાજે તો ન્યાયાવતાર વાર્તિકની વૃત્તિમાં મલ્લવાદીસૂરિ મહારાજની એક કાવ્યમાં પણ અદભુત સ્તુતિ કરી છે. અને **વાદિવેતાલ શાંતિસૂરિ કૃત ઉત્તરાધ્યયન સૂત્રની પ્રાકૃત ટીકામાં** તો નયચક્રના નામનો ઉલ્લેખ અને નયચક્રની યુકિત પણ મળે છે. ભદ્રેશ્વર સૂ. મ. જે પ્રાકૃત કથાવલીમાં નયચક્ર અને મલ્લવાદીનો યોગ્ય પરિચય આપ્યો છે. મલધારી હેમચંદ્રાચાર્ય કૃત વિશેષાવશ્યક ભાષ્યની ટીકામાં નયચક્રનો નિર્દેશ છે. કલિકાલસર્વજ્ઞે તો 'અનુમલ્લવાદિન તાર્કિકા :' કહીને સિદ્ધહેમવ્યાકરણમાં એમની તાર્કિકતાની સર્વોત્કૃષ્ટતા ગાઈ છે. તે પછી સહસ્રાવધાની મુનિસુંદરસૂરિ વિગેરે અનેકાનેક આચાર્ય ભગવંતોએ નયચક્ર તથા મલ્લવાદીસૂરિને સ્તવ્યા છે. છેવટના ન્યાયાચાર્ય ન્યાયવિશારદ યશોવિજય ઉપાધ્યાયજીએ આઠ પ્રભાવકની સજઝાયમાં મલ્લવાદીસૂરિને વાદીપ્રભાવક તરીકે સ્તવ્યા છે અને દ્રવ્યગુણપર્યાયના રાસમાં પ્રતિપાદન કર્યું છે કે નયચક્રના એક અરમાં બારે અર ઊતારી શકાય છે. આમ ગ્રંથ અને ગ્રંથકારને અનેકાનેક જૈનાચાર્યોએ સ્તવ્યા છે.

આ વાદિપ્રભાવક સૂરિશ્વરની વાદશકિત, તર્કશકિત ખરેખર તેમના કાળમાં પરવાદીરૂપ તારલાઓ માટે મધ્યાહ્નકાળના તપતા સૂર્ય જેવી હતી. એમની રચના પણ એટલી અદભુત છે કે તેમના કાળમાં અને તે પૂર્વમાં રચાયેલા ગ્રંથો અને ગ્રંથકારોના મર્મને લઈ એમનાં જ વચનોનો આધાર લઈને તેમનાં વાદોને કે સિદ્ધાન્તોને અલૌકિક શૈલીએ અને કોઈ પણ કઠોર વચનનો પ્રયોગ કર્યા વગર ત્યાજ્ય કોટીએ પહોંચાડવાનો પ્રયત્ન કર્યો છે. એમણે લીધેલા કેટલાક ગ્રંથો એવા છે કે જે હાલમાં ઉપલબ્ધ થતાં નથી અને વર્તમાનમાં ઉપલબ્ધ થતા ગ્રંથોમાં જોવા ન મળે એવા લાંબા લાંબા પૂર્વપક્ષો અને લાંબી લાંબી ચર્ચાઓ કે જે જટિલ હોવા છતાં સરસ અને સરલ રીતિએ રજૂ કરી દુર્ભેદ્ય યુકિતઓથી નિરાકરણ કરવામાં સિદ્ધહસ્ત છે. એમના ગ્રન્થના વાંચનાર અને ભણનારને તરત જ ગ્રાહ્ય થઈ પ્રકાણ્ડ વાદી બનાવી દે છે. એવો આ વિશાળ અને ગંભીર ગ્રન્થરત્ન જૈન જગતમાં અપૂર્વ છે.

આ વિશાળ ગ્રન્થરાશિનું પૂનિત સંપાદન **મારા ગુરુદેવ પૂ. આચાર્ય દેવ શ્રીમદ્‌વિજય લબ્ધિસૂરિશ્વરજી મહારાજે** કરેલ છે. તેના ચતુર્થ ભાગનું ઉદ્‌ઘાટન ભારતીય તત્ત્વજ્ઞાનના નિષ્ણાત ડૉ. શ્રી રાધાકૃષ્ણનના હાથે થયેલ છે. ત્યાર બાદ વિદ્વદ્‌વર્ય શ્રી જંબુવિજયજીએ પણ આધુનિક અનેક સાધનોનો પરિશ્રમપૂર્વક ઉપયોગ કરી, નયચક્ર ગ્રન્થનું પ્રકાશન આરંભ્યું છે. **બે ભાગ બહાર પડયાં છે અને ત્રીજો હજી બાકી છે તેમ જાણવામાં આવ્યું છે.** હજુ અભ્યાસની દૃષ્ટિએ આ ગ્રન્થને વિદ્વાનોએ બહુ વિચારવા જેવો છે. માત્ર અતીવ સંક્ષેપથી કંઈક તેના વિષયનો ખ્યાલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભકતપરિજ્ઞા, ૫. તંદુલવૈચારિક, ૬. સંસ્તારક, ૭ ગચ્છાચાર, ૮. ગણિ-વિદ્યા, ૯. દેવેન્દ્રસ્તવ અને ૧૦. મરણસમાધિ.

આ દશ પ્રકીર્ણકમાં અનુ મે ૧. ચાર શરણ, ૨. સમાધિ મરણની પૂર્વ તૈયારી રૂપે આરાધના, ૩. અનશન માટેની તૈયારીની માહિતી, ૪. ચાર આહારના ત્યાગ માટેની ઉચિત મર્યાદા, ૫. જીવની ગર્ભાવસ્થા પછીની ક્રમિક અવસ્થા વગેરે, ૬. અંતિમ સમયે ચાર આહારનો ત્યાગ કરી સંથારો કેવી રીતે કરવો ? ૭. સાધુઓના આચારની મર્યાદા અને સુવિહિત સમુદાયનું સ્વરૂપ, ૮. આચાર્ય ભગવંતોને જરૂરી એવા જ્યોતિષ - મુહૂર્ત આદિની માહિતી, ૯. તીર્થંકર ભગવંતની ભકિત કરી જીવન સફલ બનાવનાર ઈંદ્રોનું વર્ણન અને ૧૦. મરણ સમયે સમાધિ જાળવવાની માહિતી આદિના વર્ણનો આપેલ છે.

૬. બે ચૂલિકા સૂત્રો :– ૧. નંદી સૂત્ર, ૨. અનુયોગ દ્વાર સૂત્ર, આ બંને આગમ, દરેક આગમોના અંગભૂત છે. નંદીસૂત્ર દરેક આગમોની વ્યાખ્યાના આરંભે મંગલરૂપે છે અને અનુયોગદ્વાર-સૂત્ર આગમોની વ્યવસ્થિત વ્યાખ્યા માટે સવિસ્તર માહિતી આપનાર વ્યાખ્યા ગ્રંથ છે. આ બે સૂત્રોના વ્યવસ્થિત અભ્યાસ વિના જૈન આગમોનું સાચું રહસ્ય જાણી શકાતું નથી.

આ પ્રમાણે વર્તમાન ૪૫ આગમોનો અભ્યાસ કરવાનો અધિકાર તે તે આગમના યોગોદ્વહન કરનાર પૂજ્ય મુનિ ભગવંતોનો છે. પૂજ્ય સાધ્વીજી મહારાજો પણ યોગોદ્વહન કરી આમાંના કેટલાક આગમોનો અભ્યાસ કરી શકે છે. શ્રાવક-શ્રાવિકાઓ ગુરુ મુખેથી સાંભળી તે તે આગમોના અર્થ જાણી શકે છે, પણ તેઓને માટે યોગોદ્વહનનું વિધાન ન હોવાથી જાતે અભ્યાસ કરી શકે નહીં.

આ આગમોનાં ૧. મૂળસૂત્રો, ૨. તેની નિર્યુકિતઓ, ૩. ભાષ્યો, ૪. ચૂર્ણિઓ અને ૫. ટીકાઓ, વૃત્તિઓ અવચૂરિ એમ દરેકના પાંચ અંગો છે તે પંચાંગી તરીકે સુપ્રસિદ્ધ છે અને તે દરેક પ્રમાણ-ભૂત ગણાય છે.

આ આગમ સાહિત્યના આધારે પૂર્વના જ્ઞાની મહાપુરૂષોએ જીવોનું એકાંત હિત કરવાની ભાવનાથી પ્રેરાઈ સંસ્કૃત, પ્રાકૃત આદિ ભાષાઓમાં લાખો- ક્રોડો શ્લોક પ્રમાણ દ્રવ્યાનુયોગ, ગણિતાનુ-યોગ, ચરિતાનુયોગ અને ચરણકરણાનુ યોગરૂપે અનેક પ્રકારના સાહિત્યની રચના કરી છે.

અભ્યાસની દષ્ટિએ વિચારીએ તો (अ) પંચ પ્રતિક્રમણ, જીવવિચાર આદિ ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, પ્રાચીન તથા નવ્ય કર્મ ગ્રંથો, પંચ સંગ્રહ, કર્મ પ્રકૃતિ, તત્ત્વાર્થસૂત્ર, બૃહત્ ક્ષેત્રસમાસ, વિશેષાવશ્યક ભાષ્ય, સપ્તતિકા ભાષ્ય વગેરે તાત્ત્વિક પ્રકરણો.

(आ) લઘુ હૈમપ્રક્રિયા, સિદ્ધહેમ લઘુવૃત્તિ, બૃહદ્દવૃત્તિ વગેરે જૈન વ્યાકરણો.

(इ) સ્યાદ્વાદ મંજરી, અનેકાંત જયપતાકા, રત્નાવતારિકા, ષડ્દર્શન સમુચ્ચય, સ્યાદ્વાદરત્નાકર, સમ્મતિતર્ક, દ્વાદશાર નયચક્ર વગેરે જૈન ન્યાયગ્રન્થો.

(ई) વાગ્ભટ્ટાલંકાર, કાવ્યાનુશાસન, નાટ્યદર્પણ વગેરે સાહિત્ય શાસ્ત્રના જૈન ગ્રન્થો.

(उ) ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર, પ્રબંધ ચિંતામણિ, પ્રબંધકોશ પટ્ટાવલી વગેરે જૈન ઈતિહાસના ગ્રન્થો.

(ऊ) જ્ઞાનસાર, અધ્યાત્મસાર, પ્રશમરતિ, સંવેગ રંગશાળા, ઉપદેશ પ્રાસાદ, ઉપદેશ રત્નાકર, ઉપદેશ માળા, સમ્યકત્વ સપ્તતિકા વગેરે જૈન ઉપદેશના ગ્રંથો.

(ऋ) શ્રાદ્ધવિધિ, ધર્મસંગ્રહ, ધર્મરત્નપ્રકરણ, વિધિમાર્ગપ્રપા, વિચારસાર પ્રકરણ, ઉપદેશપદ, પંચાશક, પ્રવચનપરીક્ષા, ધર્મપરીક્ષા, અધ્યાત્મમત પરીક્ષા, પંચવસ્તુ, ઉપદેશ રહસ્ય, ષોડશક, વિંશીઓ, બત્રીશીઓ વગેરે જૈન વિચારણાના ગ્રંથો.

(ॠ) હીરસૌભાગ્ય, દવાશ્રય, શાંતિનાથ મહાકાવ્ય, પાર્શ્વનાથ મહા કાવ્ય, પાંડવચરિત્ર મહાકાવ્ય, વગેરે પદ્યકાવ્યો, કુવલયમાળા, તિલકમંજરી, ઉપમિતિભવ પ્રપંચ, વૈરાગ્ય કલ્પલતા, વગેરે જૈન ગદ્ય કાવ્યો.

(ऌ) પ્રાકૃત પ્રવેશ, પ્રાકૃત વ્યાકરણ વગેરે પ્રાકૃત વ્યાકરણો.

(ॡ) વિજયચંદ કેવલચરિયં, પઉમ ચરિયં, સુરસુંદરી ચરિયં, સુદંસણા ચરિયં, વસુદેવહિંડી, સમરાઈચ્ચ કહા, ચઉપન્ન મહાનુપુરિસ ચરિયં વગેરે પ્રાકૃત જૈન કાવ્યો.

(ए) સત્ય હરિશ્ચંદ્ર, મુદ્રિતકુમુદચંદ્ર, નલવિલાસ વગેરે જૈન નાટક ગ્રન્થો.

(ऐ) શ્રી વીતરાગ સ્તોત્ર, મહાદેવ સ્તોત્ર, સિદ્ધસેનકૃત દ્વાત્રિંશિકા, શોભન સ્તુતિ ચોવીશી, ઐન્દ્ર સ્તુતિ ચોવીશી, ધનપાલ કૃત ઋષભ પંચાશિકા વગેરે જૈન સ્તુતિ ગ્રન્થો.

(ओ) છંદોનું શાસન વગેરે છંદશાસ્ત્રના ગ્રંથો

(औ) પ્રતિમાલેખ સંગ્રહ, પ્રાચીન લેખસંગ્રહ વગેરે જૈન સંશોધનના ગ્રંથો.

(अं) વિવિધ તીર્થકલ્પો વગેરે તીર્થોની મહત્તા અને મહત્ત્વના સ્થળ દર્શાવનારા ગ્રંથો.

(अः) અર્હન્નીતિ વગેરે જૈન રાજનૈતિક ગ્રંથો.

(क) વાસ્તુશાસ્ત્ર, પ્રાસાદમંડન વગેરે જૈન શિલ્પના ગ્રંથો.

(ख) લગ્નશુદ્ધિ, દિનશુદ્ધિ, જ્યોતિષ્કરંડક, આરંભસિદ્ધિ વગેરે જૈન જ્યોતિષના ગ્રંથો.

(ग) ધ્વજદંડ, પ્રતિષ્ઠાવિધાન, અર્હદભિષેક, અર્હત્પૂજન, સિદ્ધચક્રપૂજન, શાંતિસ્નાત્ર, અષ્ટોત્તરી સ્નાત્ર, વગેરે જૈન વિધિ-વિધાનના ગ્રંથો.

(घ) અર્હચ્ચૂડામણિ, અષ્ટાંગ નિમિત્ત, અંગવિદ્યા વગેરે જૈન નિમિત્ત શાસ્ત્રના ગ્રંથો.

(ङ) પદ્માવતી કલ્પ, ચક્રશ્વરી કલ્પ, સૂરિમંત્ર કલ્પ, ઉવસગ્ગહર કલ્પ, નમિઊણ કલ્પ વગેરે જુદા જુદા મંત્ર કલ્પના જૈન ગ્રંથો.

(च) સ્વર શાસ્ત્ર, સ્વપ્ન શાસ્ત્ર, સામુદ્રિક શાસ્ત્ર, વિવેકવિલાસ ભદ્રબાહુ સંહિતા વગેરે જુદા જુદા વિજ્ઞાનના ગ્રંથો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(છ) યોગશાસ્ત્ર, યોગબિંદુ, યોગદૃષ્ટિ સમુચ્ચય, ધ્યાનશતક, જ્ઞાનાર્ણવ વગેરે જૈન યોગના ગ્રંથો.

(જ) અભિધાન ચિંતામણી, ધનંજય નામમાળા, દેશી નામમાળા, **"અભિધાન રાજેન્દ્ર"** વગેરે શબ્દકોશો તથા અનેકાંત રત્નમંજૂષા (જેમાં એક શ્લોકના ૮ લાખ અર્થ આપેલ છે) શતાર્થ વીથી (જેમાં એક શ્લોકના સો અર્થ કર્યા છે) વગેરે શબ્દ - ચમત્કૃતિના ગ્રંથો.

(ઝ) જૈનશૈલીને અનુસરતા સંગીતશાસ્ત્ર, જૈનવૈદ્યક, જૈન આહાર વિધિ, ભક્ષ્યાભક્ષ્ય વિવેક, ચૈતન્ય વિજ્ઞાન, કર્મ વિજ્ઞાન, સમાજ શાસ્ત્ર, અર્થ શાસ્ત્ર, માનવ શાસ્ત્ર, નીતિ શાસ્ત્ર આદિ ગ્રંથો.

આ રીતે દરેક પ્રકારના જુદા જુદા પ્રકારની યોગ્યતાવાળા આત્માઓ જુદા જુદા પ્રકારનો અભ્યાસ કરી શકે તે માટેનું વિપુલ જૈન સાહિત્ય પૂર્વના મહાપુરુષોએ રચેલ છે.

ગુજરાતી આદિ દેશી ભાષાઓમાં પણ જુદા જુદા રાસાઓ ૧૨૫-૧૫૦-૩૫૦ ગાથાના સ્તવનો, નાના-મોટા સ્તવન–સજઝાયના ઢાળિયાઓ, સ્તવન ચોવીશીઓ, ચૈત્યવંદન ચોવીશીઓ સ્તુતિ ચોવીશીઓ, સ્તવન વીશીઓ, સમુદ્ર-વહાણ સંવાદ, ચૈત્યવંદન સ્તુતિ–સ્તવન–સજઝાય આદિ વિપુલ સાહિત્ય પૂર્વના મહાપુરૂષોએ રચેલ છે.

વર્તમાનમાં પણ સ્વ. આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ. શ્રીની પ્રેરણાથી તેમના શિષ્ય-પ્રશિષ્યાદિએ લાખો શ્લોક પ્રમાણ કર્મ - વિષયક જૈન સાહિત્ય સંસ્કૃત-પ્રાકૃત ભાષામાં નિર્માણ કરેલ છે.

આ ગ્રંથોના અભ્યાસ માટે વ્યવસ્થિત યોજના કરવામાં આવે અને તેમાં રસ લેનાર વિદ્યાર્થીઓની પરીક્ષા લઈ, ઉચ્ચ પ્રકારના ઈનામો અને પ્રમાણપત્રો આપવામાં આવે, તે તે ગ્રંથોના વ્યવસ્થિત અભ્યાસ માટે કેન્દ્રો ઊભા કરવામાં આવે તો પૂર્વના મહાપુરુષોએ રચેલ ભિન્ન ભિન્ન વિદ્યાના જુદા જુદા શાસ્ત્રોનો અભ્યાસ ચાલુ થવાથી તે તે વિષયના જાણકાર પુરુષો મળી રહેશે.

તે તે ગ્રંથોનું પઠન-પાઠન ભવિષ્યમાં ચાલુ રહેશે તો જૈન શૈલી અનુસાર નવા વિવેચનો, સ્પષ્ટીકરણો અને સંશોધનો ઉમેરાશે અને આપણી આ ઉપકારક પ્રાચીન વિદ્યા ચિરકાળ જીવંત રહેશે.

આપણી પાસે હજારો વર્ષોથી પૂર્વાચાર્યોએ રચેલાં જ્ઞાનનાં લાખો પુસ્તકો વિદ્યમાન છે, છતાં તેના અભ્યાસની યોગ્ય દિશા હાલમાં લગભગ બંધ પડી છે. શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા–મહેસાણા, તે અંગે આંશિક કાર્ય કરી રહી છે, પણ તેને વિશિષ્ટ રીતે ચાલુ કરવામાં આવે તો માનવજગતને અત્યંત ઉપકારક નીવડે તેમ છે. શક્તિસંપન્ન આત્માઓ એ માટે યોગ્ય પ્રયત્ન કરે એ જ અભ્યર્થના

☆ ☆ ☆

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org